# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13-04-2025** **Morning: 7.45 TO 7.55**
**Day :SUNDAY** **National News**

### આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

*****************************************************

1) ગૃહમંત્રી અમિત શાહ આજે મધ્યપ્રદેશમાં રાજ્ય સ્તરીય સહકારી સંમેલનમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે
2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આંબેડકર જયંતિ પ્રસંગે હરિયાણામાં હિસાર અને અયોધ્યા વચ્ચે હવાઈ સેવાનો આરંભ કરાવશે
3) વકફ સુધારા 2025 અધિનિયમ અન્વયે થયેલી હિંસાની ઘટનાઓ બાદ કલકત્તા વડી અદાલતે પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ જિલ્લામાં તાત્કાલિક કેન્દ્રીય દળો તૈનાત કરવાનો આદેશ આપ્યો
4) અમેરિકાએ દેશમાં આયાત થતાં સ્માર્ટફોન અને કમ્પ્યુટરને નવીનતમ ટેરિફમાંથી મુક્તિ આપવાની જાહેરાત કરી
5) તીરંદાજી વિશ્વકપ સ્ટેજ-1 ની કમ્પાઉન્ડ મિક્સ્ડ ટીમ ઇવેન્ટમાં ભારતીય જોડી રિષભ યાદવ અને જ્યોતિ સુરેખા વેન્નમે સુવર્ણ ચંદ્રક જીત્યો

*****************************************************

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# MP - AMIT SHAH VISIT

ગૃહમંત્રી અમિત શાહ આજે મધ્યપ્રદેશમાં રાજ્ય સ્તરીય સહકારી સંમેલનમાં મુખ્ય મહેમાન તરીકે હાજર રહેશે. આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ અંતર્ગત તેનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આ અંગે અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ...

(બાઈટ – સંજીવ શર્મા)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MORN. PM-HARYANA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આંબેડકર જયંતિ પ્રસંગે હરિયાણાના હિસારની મુલાકાત લેશે જ્યાં તેઓ હિસાર અને અયોધ્યા વચ્ચે હવાઈ સેવાનો આરંભ કરાવશે. તેઓ હિસાર હવાઈમથક પર નવા ટર્મિનલ બિલ્ડિંગનો શિલાન્યાસ કરશે અને એક જાહેર સભાને પણ સંબોધિત કરશે. શ્રી મોદી યમુનાનગરમાં વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે અને સભાને પણ સંબોધિત કરશે.

પ્રધાનમંત્રી યમુનાનગરમાં 800 મેગાવોટના દીનબંધુ છોટુ રામ થર્મલ પાવર પ્લાન્ટનો શિલાન્યાસ કરશે. શ્રી મોદી યમુનાનગરના મુકરબપુર ખાતે કોમ્પ્રેસ્ડ બાયોગેસ પ્લાન્ટનો શિલાન્યાસ કરશે. તેઓ ભારતમાલા પરિયોજના હેઠળ 14 કિલોમીટરથી વધુ લાંબા રેવાડી બાયપાસ પ્રોજેક્ટનું પણ ઉદ્ઘાટન કરશે. જેનાથી દિલ્હી-નારનૌલ વચ્ચેનું અંતર એક કલાક ઓછું થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# WB HIGH COURT - MURSHIDABAD

વક્ફ (સુધારા) અધિનિયમ 2025 ના પગલે થયેલી હિંસા, તોડફોડ અને આગચંપીની ઘટનાઓ બાદ કલકત્તા હાઈકોર્ટે પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ જિલ્લામાં તાત્કાલિક કેન્દ્રીય દળો તૈનાત કરવાનો આદેશ આપ્યો છે. પશ્ચિમ બંગાળ વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા સુવેન્દુ અધિકારી દ્વારા રાજ્યના અનેક ભાગોમાં અશાંતિનો આરોપ લગાવતી અરજીની સુનાવણી બાદ આ આદેશ આપવામાં આવ્યો છે. ન્યાયાધીશ સૌમેન સેન અને રાજા બાસુ ચૌધરીની ખાસ બેન્ચે આ કેસની સુનાવણી કરી અને કેન્દ્રીય દળોને તૈનાત કરવાનો આદેશ આપ્યો.

કોર્ટે એમ પણ કહ્યું કે આ નિર્દેશ ફક્ત મુર્શિદાબાદ જિલ્લા પૂરતો મર્યાદિત ન હોવો જોઈએ. અન્ય જિલ્લાઓમાં જ્યાં પણ આવી જ પરિસ્થિતિઓ ઊભી થાય છે, ત્યાં પરિસ્થિતિને નિયંત્રિત કરવા અને સામાન્ય સ્થિતિ પુનઃસ્થાપિત કરવા માટે તાત્કાલિક કેન્દ્રીય દળો તૈનાત કરી શકાય છે. બેન્ચે વધુમાં નિર્દેશ આપ્યો કે કેન્દ્રીય દળોએ રાજ્ય વહીવટીતંત્ર સાથે સંકલનમાં રહીને કાર્ય કરવું જોઈએ.

મુર્શિદાબાદમાં થયેલી અથડામણમાં ત્રણ લોકો માર્યા ગયા હતા, અને હિંસાના સંબંધમાં ૧૩૮ થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે..

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# HYDERABAD - WAM

યુવાન કલાકારોને કલાના પ્રદર્શન માટેનુ મંચ પુરૂ પાડતી WAM- WAVES એનાઇમ અને મંગા સ્પર્ધા ગઈકાલે હૈદરાબાદમાં યોજાઇ હતી. મીડિયા એન્ડ એન્ટરટેઈનમેન્ટ એસોસિએશન ઓફ ઈન્ડિયા (MEAI) દ્વારા આયોજિત અને તેલંગાણા VFX, એનિમેશન અને ગેમિંગ એસોસિએશન દ્વારા સહ-યજમાનિત, આ કાર્યક્રમમાં તેલંગાણાની શ્રેષ્ઠ ઉભરતી પ્રતિભાઓને એનાઇમ, મંગા, વેબટૂન્સ અને કોસ્પ્લેમાં એકત્ર કરવામાં આવી હતી.

તેલંગાણા એકેડેમી ઓફ સ્કિલ એન્ડ નોલેજના શ્રીકાંત સિંહાના મુખ્ય અતિથિ પદે યોજાયેલી આ સ્પર્ધા અંગે બોલતાં તેમણે જણાવ્યું હતું કે લોકોએ એનિમેશન અને મંગાને સારી કારકિર્દી તરીકે જોવું જોઈએ અને WAMને યુવાનોએ આ ક્ષેત્રોને પોતાની કારકિર્દી તરીકે પસંદ કરવી જોઇએ

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PADMA AWARDS

આવતા વર્ષના પદ્મ પુરસ્કારો માટે 31 જુલાઈ 2025 સુધી અરજી કરી શકાશે. અરજી કરવાની પ્રક્રિયાનો 15 માર્ચથી આરંભ થયો છે. પદ્મ પુરસ્કારો માટે અરજી અને ભલામણો ફક્ત રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ પર જ સ્વીકારવામાં આવશે.

પસંદ કરાયેલા પદ્મ પુરસ્કાર વિજેતાઓના નામ આવતા વર્ષે પ્રજાસત્તાક દિવસે જાહેર કરવામાં આવશે.

એક અહેવાલ સાંભળીએ....

(બાઈટ – આદર્શ)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો

**(ગોન્ગ મ્યુઝિક)**

........................................................................

# MORN. US TARIFFS

અમેરિકાએ દેશમાં આયાત થતા સ્માર્ટફોન અને કમ્પ્યુટર્સને નવીનતમ ટેરિફમાંથી મુક્તિ આપવાની જાહેરાત કરી છે. યુએસ કસ્ટમ્સ અને બોર્ડર પ્રોટેક્શન નોટિસ અનુસાર, સ્માર્ટફોન અને કમ્પ્યુટર્સને મોટાભાગના દેશો પર યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના 10 ટકા વૈશ્વિક ટેરિફ અને 145 ટકાના ચાઇનીઝ ટેરિફમાંથી બાકાત રાખવામાં આવશે. આ મુક્તિ 5 એપ્રિલથી અમેરિકામાં પ્રવેશતા અથવા વેરહાઉસમાંથી જતાં ઉત્પાદનો પર લાગુ પડે છે. આ મુક્તિમાં સેમિકન્ડક્ટર, સોલાર સેલ અને મેમરી કાર્ડ સહિત અન્ય ઇલેક્ટ્રોનિક ઉપકરણો અને ઘટકોનો પણ સમાવેશ થાય છે. આ પગલાથી એપલ જેવી ટેક જાયન્ટ્સને મદદ મળશે, જે ચીનમાં આઇફોન અને અન્ય ઉત્પાદનો બનાવે છે.

ટ્રમ્પ વહીવટીતંત્રે યુનાઇટેડ સ્ટેટ્સમાં આયાત થતા ચીની માલ પર 145 ટકાનો લઘુત્તમ ટેરિફ દર લાદ્યા પછી આ જાહેરાત કરવામાં આવી છે. અગાઉ, રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું હતું કે તેઓ મોટાભાગના યુએસ ટ્રેડિંગ ભાગીદારો પર તેમના 10 ટકા ટેરિફમાં કેટલીક છૂટ આપી શકે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PUNJAB - ARMY CHIEF

ભારતીય ભૂમિદળના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ ગઈકાલે પંજાબના જલંધરમાં વજ્ર કોરના મુખ્યાલયની મુલાકાત લઈને તેની તૈયારીઓની સમીક્ષા કરી હતી.

મુખ્યાલયના જનરલ ઓફિસર કમાન્ડિંગે જનરલ દ્વિવેદીને પશ્ચિમી મોરચાની સુરક્ષા પરિસ્થિતિ અંગે માહિતી આપી હતી. ભૂમિદળના વડા અત્યારે પશ્ચિમી કમાન્ડની મુલાકાતે છે. જનરલ દ્વિવેદીએ કેટલાક નિવૃત્ત સૈનિકો સાથે પણ ચર્ચા કરી.

આ પહેલા જનરલ દ્વિવેદીએ ગઈકાલે અમૃતસરમાં શ્રી હરમંદિર સાહિબ ખાતે દર્શન કર્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# ARCHERY WORLD CUP – GOLD

અમેરિકાના ફ્લોરિડા ખાતે તીરંદાજી વિશ્વકપ સ્ટેજ-1 ની કમ્પાઉન્ડ મિક્સ્ડ ટીમ ઇવેન્ટમાં ભારતીય જોડી રિષભ યાદવ અને જ્યોતિ સુરેખા વેન્નમે સુવર્ણ ચંદ્રક જીત્યો. ભારતીય જોડીએ ગઈકાલે રાત્રે એક રોમાંચક મેચમાં ચાઈનીઝ તાઈપેઈના હુઆંગ ઝાઓ અને ચેન ચિહ લુનની જોડીને હરાવીને  ટાઇટલ જીત્યું.

ઓલિમ્પિકમાં કમ્પાઉન્ડ મિક્સ્ડ ટીમ ઇવેન્ટનો સમાવેશ કરવાના નિર્ણય બાદ  ભારતીય ટીમે પ્રથમ વખત આ સ્પર્ધા જીતી છે. આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિએ તાજેતરમાં 2028 લોસ એન્જલસ ઓલિમ્પિક રમતોમાં કમ્પાઉન્ડ મિશ્ર ઇવેન્ટનો સમાવેશ કરવાનો નિર્ણય લીધો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# ISL FOOTBALL – FINAL

મોહન બાગાન સુપર જાયન્ટ્સે ઇન્ડિયન સુપર લીગ ફૂટબોલનો ખિતાબ જીત્યો છે. ગઈકાલે કોલકાતામાં રમાયેલી ફાઇનલમાં મોહન બાગને બેંગલુરુને 2-1થી પરાજય આપ્યો હતો.

મોહન બાગન સુપર જાયન્ટ્સે 2022-23 બાદ આ વર્ષે બીજી વખત આ ખિતાબ જીત્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિદ્ધી ઉંધાડ

આજે તમામ અખબારોમાં વકફ સુધારા બિલ મામલે પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં હિંસા અને વિધાનસભામાં પાસ થયેલા બિલો પડતર રહેવા અંગે રાષ્ટ્રપતિ પાસે પણ વિટો પાવર નથી તેવા સુપ્રીમ કોર્ટના નિર્દેશ અંગેના સમાચાર હેડલાઇનમાં છે.

નવગુજરાત સામાચારે હેડલાઇનમાં લખ્યું છે કે પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં વકફ કાયદાનો હિંસક વિરોધ ત્રણની હત્યા

સંદેશે પણ મુર્શિદાબાદમાં હિંસા, ત્રણના મોત કેન્દ્રીય સુરક્ષા દળો મૂકવા હાઇકોર્ટના આદેશના મુખ્ય સમાચાર બનાવ્યાં છે.

દિવ્ય ભાસ્કરે લખ્યું છે કે બિલ પર હા કે ના નો રાષ્ટ્રપતિ ત્રણ મહિનામાં નિર્ણય લે તેવો સર્વોચ્ચ અદાલતનો આદેશના મથાળા સાથે સમાચાર પ્રકાશિત કર્યા છે.

રાજ્યપાલ જ નહીં રાષ્ટ્રપતિ પણ બિલો લટકાવી ના શકે તેવા સુપ્રીમ કોર્ટના ચુકાદાના હવાલા સાથે ગુજરાત સમાચારે હેડલાઇન બનાવી છે..

આ ઉપરાંત તમામ અખબારોના પહેલા પેજ ઉપર સ્માર્ટ ફોન, લેપટોપ ચિપ્સ પર નહીં લાગે ટેરિફ, બ્રેસ્ટ કેન્સરને ધીમુ કરતી દવાને અંતે મળી મજૂરી, પ્રસિધ્ધ કુમદિની લાખિયાનું 94 વર્ષની જૈફ વયે નિધનના સમાચાર તમામ અખબારોએ પહેલા પેજ ઉપર કવર કર્યા છે.

આ ઉપરાંત અંગ્રેજી અખબારો ટાઇમ્સ ઓફ ઇન્ડિયા અને ઇન્ડિયન એક્સપ્રેસે પડતર બિલો અંગેના સુપ્રીમ કોર્ટના નિર્દેશને અલગ અલગ રીતે હેડલાઇન્સમાં છાપ્યા છે.

જ્યારે સ્પોર્ટ્સ પેજ ઉપર હૈદ્રાબાદે પંજાબને હરાવ્યું અને લખનૌ સામે ગુજરાત ટાઇટન્સનો પરાજયના સમાચારને પણ કવર કરવામાં આવ્યાં છે..

રાજ્ય અને સ્થાનિક સમાચારોમાં હનુમાન જયંતિની રાજ્યભરના મંદિરોમાં ઉજવણી, હવામાન વિભાગની કેટલાંક જીલ્લાઓમાં હળવા વરસાદની આગાહી જેવા સમાચાર પણ જોવા મળી રહ્યાં છે.

. . . . . .